# અનંત સૂર્ય

૧ મે, ૨૦૧૮

આત્મીય પાઠકો,

એકસો દસ વર્ષ પહેલાં, આ જ મહિનામાં, ભારતમાં કર્ણાટકના તટવર્તીય ક્ષેત્રમાં બાબા મુક્તાનંદે આ ધરતી પર જન્મ લીધો. અને તેમના જન્મની સાથે એવી હજારો સંભાવનાઓનો જન્મ થયો જે અત્યાર સુધી અજ્ઞાત હતી, અનંત સૂર્યોનો જન્મ થયો જે આગળ જતા બાબાજીની ઉપસ્થિતિના લીધે વધારે તેજથી ચમકવાના હતા, બાબાજીની ઉપસ્થિતિના લીધે સાર્વભૌમિક સંઘમ્‌નો જન્મ થયો — આ સંઘમ્ એવા સાધકોની સંગત હતી જેમને જ્ઞાનની, *સાચા* જ્ઞાનની શોધ હતી અને તે જ્ઞાન ન કેવળ તે સાધકોના જીવનમાં એક શ્રેયસ્કર પરિવર્તન લાવનારું હતું પરંતુ તેમના જીવનને પણ સમૃદ્ધ કરનારું હતું જેઓ તે સાધકોના સંપર્કમાં આવ્યા. બાબા મુક્તાનંદની કૃપા, તેમની શિખામણો, તેમની સાક્ષાત ઉપસ્થિતિ આ ગ્રહ માટે એક વરદાન હતી અને તેના ફળ આજે પણ જોવા મળે છે.

જ્ઞાનેશ્વર મહારાજે તેમના શ્રીગુરુ, નિવૃત્તિનાથની સ્તુતિમાં એક સુંદર ઓવી લખી છે જેની મને અત્યારે યાદ આવી રહી છે. આ ઓવી એ ભાવને ખૂબ જ સુંદરતાથી વ્યક્ત કરે છે જેનો નિશ્ચિતરૂપે એ બધાં લોકો અનુભવ કરે છે જે બાબાજીને પ્રેમ કરે છે, અને બાબાજીએ આ સંસારને જે આપ્યું છે, તેના વિચાર માત્રથી અભિભૂત થઈ જાય છે. સંતશિરોમણિ જ્ઞાનેશ્વર મહારાજ કહે છે,

> શ્રીગુરુને, ચિતિના એ સૂર્યને હું વારંવાર નમન કરું છું.
> એવા કોઈ શબ્દો જ નથી જે તેમની સ્તુતિ કરી શકે.[૧]

જેમજેમ આપણે બાબાજીના સૌર જન્મદિવસ, ૧૬ મે તરફ આગળ વધી રહ્યાં છીએ, તેમના ચાંદ્ર જન્મદિવસનો પૂર્ણ ચંદ્ર એવો લાગે છે જાણે કે થોભી ગયો હોય. હવે તેણે આકાશની એ મખમલી ચાદરમાં ફરીથી સંતાવાની શરૂઆત કરી છે જ્યાંથી તે ઉદિત થયો હતો. બાબાજીના જન્મની મહત્તાનું શબ્દોમાં વર્ણન કરવું ખરેખર મુશ્કેલ છે. બાબાજી એક શક્તિપાત ગુરુ હતા; જેમની કરુણા અને કૃપાથી અસંખ્ય લોકોને શક્તિપાત દીક્ષા પ્રાપ્ત થઈ. તેનાં ફળસ્વરૂપે એ લોકોએ તેમનાં અંતરમાં તેનો અનુભવ કર્યો જે તેમનાં માટે પહેલાં માત્ર એક કલ્પના હતી. તેમણે ભગવાનનો અનુભવ કર્યો, તેમણે એવા સર્વવ્યાપી, એવા વાસ્તવિક પ્રેમનો અનુભવ કર્યો જેનું વર્ણન કરવા માટે ‘અહૈતુક’ શબ્દ પણ નાનો પડશે.

અને બાબાજીએ ભલે સત્સંગમાં હોય કે અનૌપચારિક વાર્તાલાપો કરી રહ્યા હોય, આશ્રમમાં હોય કે પછી યાત્રા પર, દિવસ-રાત સાધકોને શીખવ્યું કે કેવી રીતે તેઓ તેમના સાચા આત્માનો વારંવાર અનુભવ કરતા રહે. બાબાજીએ તેમને ધ્યાન કરવાનું શીખવ્યું, એ શીખવ્યું કે તેઓ સ્વયં ખોજ કરે કે તેમના આત્માની શાંતિનો નિવાસ કયાં છે અને લોકોને એ શાંતિ સાથે એવો સંબંધ સ્થાપિત કરવાનું શીખવ્યું જે ઉત્તરોત્તર વધતો રહે અને ગહન થતો જાય. તેનાથી આગળ જતા ચોક્કસપણે એ લોકોના ધ્યાન અને સિદ્ધયોગ શિખામણોના અધ્યયનથી પ્રાપ્ત ફળોના તરંગો બીજાં લોકો સુધી ફેલાઈ જતા જેના પરિણામ સ્વરૂપ સ્વયં એ સાધકો માટે એ ફળોમાં અધિક વૃદ્ધિ થતી તથા તેમના પુણ્ય અધિકાધિક વધતા. તેથી તે એક પુણ્યચક્ર હતું જેની શરૂઆત બાબાજીએ કરી; અને તેનાથી નિરંતર સારપનો પ્રસાર થતો ગયો અને તેને દઢતા પ્રાપ્ત થતી ગઈ. આવો પ્રભાવ હતો બાબાજીની 'ધ્યાનક્રાંતિ'નો.

જોકે મેં બાબાજીનાં પ્રત્યક્ષ દર્શન નથી કર્યા, તેમ છતાં મને ઘણીવાર એવું લાગે છે કે હું તેમને *ચોક્કસપણે* જાણું છું, હું તેમને હંમેશાંથી જાણું છું. મને એવું લાગે છે કે જે લોકો ખરેખર બાબાજીને જાણવા અને યાદ કરવા ઇચ્છે છે તેઓ સાચે જ બાબાજીને જાણી શકે છે અને તેમને યાદ કરી શકે છે. થોડાં વર્ષો પહેલાં, હું યેવલા ગઈ હતી. યેવલા ભારતના મહારાષ્ટ્ર રાજ્યમાં આવેલું એક ગામ છે, જ્યાં બાબાજીએ ઘણાં વર્ષો સુધી સાધના કરી હતી. જ્યારે હું ત્યાંના સાંકડા રસ્તા પર જઈ રહી હતી, દરેક વસ્તુ ઢળતા સૂર્યની ધૂંધળી સ્વર્ણિમ આભામાં સ્નાન કરી રહી હતી. મને યાદ છે, એ સમયે મને અનુભૂતિ થઈ હતી કે બાબાજી ત્યાં *સાચે જ* છે. એ અનુભવ જેટલો સહજ-સ્વાભાવિક હતો તેટલો જ રોમાંચકારી અને અદ્‌ભુત પણ હતો. બાબાજી ત્યાંની સુગંધિત હવામાં હતા અને ડૂબતા સૂર્યમાં પણ; તેઓ સ્વચ્છ નીલ આકાશમાં પણ હતા અને મારા હૃદયમાંથી ઉમડી રહેલા મુલાયમ આનંદમાં પણ હતા. આજે પણ જ્યારે હું યેવલાથી માઈલો દૂર છું, મને તે ક્ષણ સ્પષ્ટ રીતે યાદ છે. જ્યારે હું બાબાજીની વાર્તાઓ વાંચું છું કે સાંભળું છું, દાખલા તરીકે જ્યારે હું તેમની શિખામણોનું અધ્યયન કરું છું; જ્યારે હું તેમનું નામસંકીર્તન કરું છું કે તેમના જીવન અને તેમના દ્વારા પ્રદાન કરવામાં આવેલી ધરોહર વિશે ચિંતન કરું છું, ત્યારે મારા માનસપટલ અને હૃદય પર પડેલી તેમની સ્મૃતિઓની છાપ સહજ રીતે જીવંત થઈ ઊઠે છે.

ગયા મહિનાના પત્રમાં મેં લખ્યું હતું કે શ્રીગુરુમાઈના ૨૦૧૮ માટેના સંદેશ, 'સત્સંગ'નો અભ્યાસ કરતાં રહીને બાબાજીની ઉપસ્થિતિનો ઉત્સવ મનાવવામાં કંઈક વિશેષ અને અદ્‌ભુત વાત છે. સત્સંગ એ સત્યનું સાન્નિધ્ય છે, જે સ્વાભાવિકરૂપે આપણી અંદર વિદ્યમાન છે અને તેને આપણાથી અલગ કરી શકાતું નથી; તે એક એવું સત્ય છે જે દરેક સમયે આપણા માટે સુલભ છે, તેનાથી કોઈ ફરક પડતો નથી કે આપણે કોણ છીએ, આપણે કયાંથી આવ્યા છીએ, આપણે કેવા દેખાઈએ છીએ અથવા આપણી આસ્થા શેમાં છે. ગુરુમાઈજીએ ૨૦૧૮ના પોતાના સંદેશ પ્રવચનમાં જે સમજાવ્યું, *બિલકુલ* એ જ બાબાજીએ શીખવ્યું, અને એ જ બાબાજીના પહેલા મહાન સંતકવિઓએ શીખવ્યું હતું. આ જ રીતે બાબાજી જીવ્યા. આ જ છે જે તેમણે સંસારને આપ્યું.

બાબાજીને આપણા બધામાં ખૂબ જ વિશ્વાસ હતો; તેમને વિશ્વાસ હતો, સત્યને જાણવાની આપણી ક્ષમતા પર જે આપણો જન્મસિદ્ધ અધિકાર છે અને તેમની શિખામણો આપણને પ્રેરિત કરે છે અને *આગ્રહ* પણ કરે છે કે આપણે પણ આ જ વિશ્વાસને આપણા પોતાનામાં વિકસિત કરીએ. એક સુઅવસરના રૂપમાં, એક પ્રેરણાસ્રોત, એક પ્રોત્સાહનના રૂપમાં આપણી પાસે બાબાજીનો મહિનો છે. તેથી આ મહિનામાં, જ્યારે આપણે સત્સંગનો અભ્યાસ કરવા માટે વધારે દૃઢતા અને નિરંતરતાથી સ્વપ્રયત્ન કરી રહ્યાં છીએ, ત્યારે આ વાત પર સજગતાથી વિચાર કરવો સારું રહેશે કે આપણે સત્સંગનો અભ્યાસ ખૂબ જ વિશ્વાસ અને શ્રદ્ધા સાથે કેવી રીતે કરીએ. આખરે, નિરંતર પ્રયત્નનો તાણોવાણો તો વિશ્વાસના દોરાથી જ વણાયેલો હોય છે. આગળનો માર્ગ ભલે *સીધો-સરળ* ન હોય, તોપણ વિશ્વાસ જ આપણને આગળ વધવામાં મદદ કરે છે; આપણે અંતરમાં જે શોધી રહ્યાં હતાં તેને જોયાને ભલે લાંબો સમય થઈ ગયો હોય આ વિશ્વાસ જ આપણને અંતર તરફ વાળતો રહે છે.

અને વિશ્વાસ કંઈ માત્ર મુસીબત કે અનિશ્ચિતતાના સમયે આપણને સહારો આપનારું સાધન જ નથી. જ્યારે આપણને બધું જ બરાબર લાગે છે, જ્યારે આપણે આપણા અંતરમાં જોડાયેલા હોવાનો અનુભવ કરી રહ્યાં હોઈએ છીએ ત્યારે એ સમયે પણ વિશેષરૂપે, વિશ્વાસ આપણને આગળ વધવાની પ્રેરણા આપે છે. વિશ્વાસ આપણને એ ખાતરી આપે છે કે આપણા અંતર અનુભવમાં આગળ *કંઈક હજી વધારે* છે, કે આપણી અંદર *હજી વધારે* ભગવાનનો પ્રેમ છે જેની આપણે શોધ કરવાની છે અને તેને બીજા સાથે વહેંચવાનો છે. અને વિશ્વાસ આપણને નિશ્ચિતતાના ભાવથી ભરી દે છે કે આપણે તે પ્રેમની શોધ કરી શકીએ છીએ અને તેને અવશ્ય શોધી લઈશું.

તો પછી, તમારો તમારી અંદર જે વિશ્વાસ છે તેને તમે દૃઢ કેવી રીતે કરશો? ખાસ કરીને ત્યારે, જ્યારે વિશ્વાસ પણ તે પરમ સત્યની જેમ જ અત્યંત સૂક્ષ્મ અને નાજુક હોઈ શકે.

એક રીત છે, ક્ષણભર થોભીને પાછળ ફરીને જોવું, ત્યારે પણ જ્યારે તમે તમારી યાત્રામાં આગળ વધવા માટે યોજના બનાવી રહ્યાં હો. તમે વર્ષ ૨૦૧૮ના પાંચમા મહિનામાં પ્રવેશ કરી રહ્યાં છો અને તેની સાથેસાથે નવવર્ષ સંદેશના તમારા અભ્યાસના પાંચમા મહિનામાં પણ. બની શકે કે તમારી સમજ, તમારા અનુભવ અને સત્ય સાથે તમારો સંબંધ એવો નથી જેવો તે જાન્યુઆરી મહિનામાં હતો. તમે પ્રગતિ કરી જ હશે. તેની અભિસ્વીકૃતિ કરવી અર્થાત્ તેને માન્યતા આપવી જરૂરી છે. ભલે તમને તે સમયે ન દેખાયું હોય જ્યારે તમે શરૂઆત કરી હતી, તોપણ જ્યારે તમે જુઓ છો કે તમે ક્યાં સુધી પહોંચી ગયા છો અને કઈ રીતે તમારા દ્વારા લેવામાં આવેલા દરેક પગલાએ તમને એક અર્થપૂર્ણ સ્થાન પર પહોંચવામાં મદદ કરી છે, ત્યારે તમે સમજી જાઓ છો : ''*અરે વાહ! હું આ કરી શકું છું. હું અહીં સુધી આવ્યો છું. હું હજી થોડું આગળ જઈ શકું છું.*''

તદુપરાંત, તમે અત્યાર સુધીમાં થયેલા તમારા કેટલાંક અનુભવોને પણ યાદ કરી શકો છો, સત્યની જે ઝલકો તમને મળી હોય, ભલે તે ગમે તેટલી સૂક્ષ્મ કે વિલક્ષણ કેમ ન હોય, તમે તેને યાદ કરી શકો છો. તમારા અનુભવો એનું પ્રમાણ છે કે તમે પ્રયત્નો કર્યા છે. તે તમને વિશ્વાસનો, શ્રદ્ધાનો વિકાસ કરવામાં મદદ કરે છે. એ અનુભવો ધીમેથી તમારા કાનમાં કહે છે કે તમે આગળ વધતા રહો, આ જ દિશામાં વધતા રહો અને એ શોધી લો કે આગળ શું-શું આવવાનું છે.

અને જો કોઈ કારણોસર, તમને એવું લાગે કે તમે તમારી પ્રગતિને ઓળખી શકતાં નથી, અથવા તમને હજી સુધી એવો અનુભવ નથી થયો જેનાથી તમને પ્રેરણા મળી શકે, તો કંઈ વાંધો નહીં. અભ્યાસોમાંથી તમે હંમેશાં વિશ્વાસને, શ્રદ્ધાને પ્રાપ્ત કરી શકો છો. તમારી પાસે બંને પ્રકારના અભ્યાસ છે, નામસંકીર્તન, ધ્યાન અને જપ જેવા મુખ્ય અભ્યાસો પણ છે તેમજ સત્સંગનો અભ્યાસ કરવાની તમારી પોતાની રીતો પણ છે. બાબાજીના પુસ્તક *From the Finite to the Infinite* (ફ્રોમ ધ ફાઇનાઇટ ટુ ધ ઇન્ફિનિટ્)માં એક ફકરો છે જે મને બહુ ગમે છે, જેમાં બાબાજી અને એક ભક્ત વચ્ચે એક વાર્તાલાપ છે. ભક્ત બાબાજીને પૂછે છે કે જો તેનામાં શ્રદ્ધા અને વિશ્વાસ નહીં હોય તો શું તેનાથી તે ધ્યાનમાં આત્મા સાથે નહીં જોડાઈ શકે. બાબાજીએ ઉત્તર આપ્યો, ‘‘ધ્યાન કરતાં રહો, શ્રદ્ધા થઈ જશે, વિશ્વાસ આવી જશે.’’[૨]

તો આપણે પુણ્યચક્રની સંકલ્પના પર ફરી આવીએ છીએ. વિશ્વાસ અને પ્રયત્ન પરસ્પર એકબીજાને દૃઢ કરે છે. તમે તમારા આત્મા સાથે જોડાવાનો, અંતરમાં નિહિત સત્ય સાથે સત્સંગ કરવાનો જેટલો વધુ પ્રયત્ન કરશો, તમારો વિશ્વાસ એટલો વધારે દૃઢ થતો જશે. અને તમારો વિશ્વાસ જેટલો વધુ દૃઢ થતો જશે, તેટલો જ વધુ સ્વાભાવિકપણે, સહજતાથી અને નિરંતરતાથી તમે સત્સંગ કરશો. તે એવો સિદ્ધાંત છે જેની સાદગીમાં જ તેની સુંદરતા છે. જી હા, જો તમને તમારા આત્મા સાથે સતત જોડાઈ રહેવાના માર્ગ પર આગળ વધવું છે તો વિશ્વાસ હોવો જ જોઈએ. તેમ છતાં આ કોઈ પૂર્વ અપેક્ષા કે શરત નથી, આ કોઈ એવી વાત નથી કે પોતાના આત્મા સાથે જોડાવાનો પ્રયત્ન કરતા પહેલાં તમારી અંદર વિશ્વાસનો પૂર્ણ વિકાસ થવો જ જોઈએ. પરંતુ, વિશ્વાસ અને પ્રયત્ન પરસ્પર ઘનિષ્ઠતાથી ગૂંથાયેલા છે. તેઓ એકસાથે મળીને કાર્ય કરે છે અને આપણા અંતરમાં વિકસિત થઈને, આપણી સમક્ષ આપણને જ પ્રગટ કરી દે છે; તે બાબાજીના આ શાશ્વત શબ્દોમાં નિહિત સત્યને આપણી આંખો સમક્ષ પ્રગટ કરે છે : ‘‘આપનો રામ આપમાં આપ જેવો બનીને રહે છે.’’

***

આ મહિના દરમ્યાન સિદ્ધયોગ પથ વેબસાઇટ પર એવી ઘણી વસ્તુઓ હશે જે તમને બાબાજીનું સન્માન કરવા અને તેમનો જન્મદિવસ મનાવવા માટે મદદ કરશે અને સાથેસાથે ગુરુમાઈજીના નવવર્ષ સંદેશ પર તમારા

અભ્યાસને આગળ વધારવામાં પણ તમને સહાય કરશે. જો તમે હજી સુધી **બાબાજીના જન્મદિવસના મહોત્સવના સન્માનમાં થનારા સિદ્ધયોગ ઑડિયો સત્સંગ** માટે રજીસ્ટ્રેશન ન કરાવ્યું હોય તો હું તમને આમંત્રિત કરું છું કે તમે એનું રજીસ્ટ્રેશન જરૂર કરાવજો. આ સત્સંગનું શીર્ષક છે ''ઉસે દેખો જો સબમેં રહતા હૈ'' અર્થાત્ તેને જુઓ જે બધામાં રહે છે — જે 'સત્સંગ'માં રહેલા 'સત્'નો ઉલ્લેખ કરે છે, એ સત્યનો ઉલ્લેખ જે આ વિશ્વબ્રહ્માંડના સમસ્ત વિવિધ રૂપ અને આકારને એક કરી દે છે.

તદુપરાંત, તમે વેબસાઇટ પર બાબાજી વિશે ઘણી બધી વાર્તાઓ વાંચશો. બની શકે કે આ વાર્તાઓને વાંચતા વાંચતા તમને બાબાજી સાથેના તમારા *પોતાના* પ્રસંગની યાદ આવી જાય — બાબાજી પાસેથી પ્રત્યક્ષ રૂપે, ધ્યાનમાં અથવા સ્વપ્નમાં તમને મળેલી શિખામણોની યાદ આવી જાય. જેમજેમ આ વાર્તાઓ તમને યાદ આવે, તેને લખીને વેબસાઇટ પર જરૂરથી મોકલજો (આના માટે વેબસાઇટ પર એક લીંક આપવામાં આવી છે).

મે મહિનામાં અમેરિકા, ભારત અને વિશ્વના અનેક ભાગમાં 'માતૃદિવસ' (Mother's Day) પણ મનાવવામાં આવે છે. સિદ્ધયોગ પથ પર ગુરુમાઈજી અને બાબાજી આપણને શીખવે છે કે આપણે દિવ્ય માતા, મહાકુંડલિની શક્તિની પૂજા કરીએ, જેમની શક્તિ સાધકની અંદર શક્તિપાત દીક્ષા દ્વારા જાગ્રત થાય છે. ગુરુજન આપણને એ પણ શીખવે છે કે આપણે બધી માતાઓને આપણો આદર અર્પિત કરીએ જેમનું મમતાભર્યું કૃત્ય શુદ્ધતમ પ્રેમનું પ્રમાણ છે; તે વાસ્તવમાં સદ્ગુણોનું પ્રગટ રૂપ છે જે કૃત્યોમાં ઝલકે છે. આ વર્ષે 'માતૃદિવસ' ૧૩મી મેના રોજ છે, તેથી એટલું કહેવું જ પૂરતું છે કે તે સમય દરમ્યાન વેબસાઇટ જરૂર જોતા રહેજો!

તો તમે જોઈ રહ્યાં છો કે આવનારા દિવસોમાં ઘણું બધું આવવાનું છે — વેબસાઇટ પર અને આપણી સાધનામાં પણ. મે મહિનો પોતાની સાથે ઘણી સંભાવનાઓ, ઘણું સામર્થ્ય લઈને આવ્યો છે. અથવા કદાચ એવું પણ બની શકે કે એ સંભાવના, એ સામર્થ્ય આપણી અંદર પણ હોય! અને આ ઋતુમાં પ્રચુરતાથી ફૂલો ખીલી રહ્યા છે, ચંદ્રની ઘટતી કળામાં આપણને હજી પણ બાબાજીના મંદ-મંદ સ્મિતની અનુભૂતિ થઈ રહી છે અને દિવસનો સતરંગી પ્રકાશ જે આપણી અંદર બાબાજીની સ્મૃતિને જગાડે છે, આ બધું આપણા અંદરની એ સંભાવનાઓને, એ સામર્થ્યને થોડું વધારે પ્રગટ કરી દે છે.

મારી શુભકામના છે કે આપના માટે બાબાજીનો આ મહિનો ઝગમગતા ઉલ્લાસ અને આનંદથી ભરપૂર રહે!

આદર સહિત,

ઈશા સરદેસાઈ

૧ જ્ઞાનેશ્વરી ૧૬.૧૭. સ્વામી કૃપાનંદ દ્વારા સંપાદિત *Jnaneshwar's Gita: A Rendering of the Jnaneshwari* (સાઉથ ફૉલ્સબર્ગ, ન્યૂયૉર્ક : એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન, ૧૯૯૯) પૃષ્ઠ ૨૫૬.

૨ *From the Finite to the Infinite,* દ્વિતીય આવૃત્તિ, (સાઉથ ફૉલ્સબર્ગ, ન્યૂયૉર્ક : એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન, ૧૯૯૪) પૃષ્ઠ ૩૩૨.

© ૨૦૧૮ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.